आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

વર્ષ : 1 * અંક : 6 * ડિસેમ્બર 2021 * યુગાબ્દ 5123

- દ્વિમાસિક સામયિક "વિચાર મંથન"- લવાજમ અભિયાન
- ભારતીય વિચાર મંચનાં કેન્દ્ર સહિત કાર્યનો વ્યાપ.
- દક્ષિણ ગુજરાત કાર્યકર્તા અભ્યાસ વર્ગ.
- લેખન કળા કાર્યશાળા.



# વિચાર સંદેશ

વર્ષ : 1 અંક : 6

ડિસેમ્બર 2021 યુગાબ્દ 5123


## સંપાદકીય

શ્રેયની આકાંક્ષા રાખ્યા વિના શ્રેષ્ઠ કાર્યમાં લાગેલા અને વૈચારિક સ્વાતંત્ર્યના આધારે રાષ્ટ્રના પુનરુત્થાન માટે સમર્પિત કાર્યકર્તાઓની ક્રિયાશીલતાએ તાજેતરમાં કેટલાક વિશિષ્ટ અનુભવો કર્યા.

ક્યાંક દિપાવલી નિમિત્તે થતા પરિવાર સ્નેહમિલનમાં આત્મીયતાની ઉષ્મા... તો ક્યાંક વ્યાપક કાર્યકર્તા બેઠક દરમિયાન બે-ત્રણ પેઢી વચ્ચે નિખાલસ મંતવ્યોની આપ-લે... ક્યાંક અપેક્ષા કરતાં વધુ સંખ્યામાં ઉપસ્થિતિની સંભાવનાને લઇ મોટા સ્થાન માટે નવેસરથી વિચાર કરવા જેવી સુખદ મૂંઝવણ... તો ક્યાંક સાવ નવા સ્થાન ઉપર કેટલાક સંકલ્પવાન કર્મશીલોનો મક્કમ નિર્ધાર...

આ ઈ-પત્રિકાના પ્રથમ અંકની પ્રસ્તાવનામાં જણાવ્યું હતું તેમ વૈચારિક વિશ્વમાં વિવિધ સ્વરૂપે ઉભા થઇ રહેલા પડકારો સામે સત્યનિષ્ઠ અને તથ્યાત્મક નિરીક્ષણની પ્રસ્તુતિની આવશ્યકતા પણ તેટલા જ પ્રમાણમાં વધી રહી છે. અને આ યુગકાર્ય અનેક લોકો, અસંખ્ય સંસ્થાઓ દીર્ઘકાળથી કરી રહ્યા છે. ભારતીય વિચાર મંચ પણ યોજનાબદ્ધ રીતે વધી રહેલાં નવાં કેન્દ્રો, પદ્ધતિસરનાં ગહન સંશોધનો, નવા ઉપક્રમો, વિશેષ પ્રયોગો વડે એટલી જ સજ્જતા અને પ્રતિબદ્ધતા દ્વારા નિરંતર આ શ્રૃંખલાની એક મજબૂત કડી બની રહ્યો છે.

વાંચન, લેખન, કથન, શ્રવણ, દર્શન, ચિંતન, મંથન, પરામર્શ. .. જેવા અનેક માર્ગોમાંથી આપણને રુચિકર કોઈપણ માર્ગે આ પ્રવાહ સુધી પહોંચીને તેના પવિત્ર સ્નાનનો લાભ આપણે સૌ લેતા રહીએ તેવી અભ્યર્થના સહ.

**पठका: पाठकाश्चैव येचान्येशास्त्र चिन्तका:।**

**सर्वेव्यसनिनो मूर्खाय: क्रियावान् सपंडित: ।।**

**( महाभारत वन पर्व ३१४/१० )**

અર્થાત્

પઠન કરનાર, કરાવનાર અને શાસ્ત્રના ચિંતક એ સૌ એક પ્રકારે વ્યસની છે. પરંતુ શાસ્ત્રોમાં જે લખ્યું છે તેનું ક્રિયાન્વયન કરનાર સાચો પંડિત છે.


**સંપાદક**

પંકજ પુરોહિત

**લે-આઉટ અને ડિઝાઇન**

વૈભવસિંહ ઠાકોર

3
સહચિંતન

7
લવાજમ અભિયાન

12
પાઠ્યક્રમોનું વિમોચન

19
કેન્દ્રશઃ કાર્યક્રમો

39
પુસ્તક પરિચય

41
વિચાર બોધ

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

માસિક

**વ્યવસ્થાપક**

**જ્વનિલ દ્વિવેદી**

ભારતીય વિચાર મંચ, ૪, મયુર ચેમ્બર, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સામે, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦૦૦૯

ઈ મેઈલ :

bvmguj@gmail.com

**7405862697**

# સહચિંતન

ૐ

આપણે બધા  કાર્યકર્તાઓ છીએ.  શેના કાર્યકર્તાઓ છીએ ? તો ઇશકાર્યના કાર્યકર્તાઓ છીએ.  અને આ ઇશકાર્ય એટલે કયું કાર્ય ? જુદી જુદી રીતે તેનું વર્ણન કરીએ તો સર્વપ્રથમ તો તેણે સ્વીકારેલું કાર્ય અને જેની પૂર્તિ માટે યુગે યુગે જન્મ લેવાનું પણ સ્વીકાર્યું છે તે ધર્મસંસ્થાપનાનું કાર્ય. શ્રીમદ્ ભગવદ્ગીતામાં તેમણે કહ્યું, 'धर्म संस्थापनार्थाय  संभवामि युगे युगे" પ્રત્યેક યુગમાં તેનું નામ જૂદું, કાર્યક્ષેત્ર જૂદું, શસ્ત્ર પણ જૂદું, પરંતુ લક્ષ્ય એક જ. અને તે એટલે ધર્મસંસ્થાપના. પરશુધર ભાર્ગવ જામદગ્ન્ય રામ, કોદંડપાણિ(ધનુર્ધારી)રામ દાશરથી, ચક્રપાણિ (સુદર્શનધારી)શ્રી કૃષ્ણ ત્રણે સુધી તો સ્વરૂપો સમજી શકાય, કદાચ ગીતાપ્રણિત અહિંસાને મુખ્ય શસ્ત્ર બનાવી વ્યવહારમાં ઉતારનારા અને ઉતારવાના આગ્રહી અને ઉપદેશક નવમાવતાર ભગવાન બુદ્ધનો પણ થોડા પ્રયત્ને, કદાચ થોડી આનાકાની સાથે સ્વીકાર થાય અને  હિરણ્યકશ્યપુ ભગવાન નૃસિંહ કે બલિરાજાનું દમનકર્તા વામન પણ થોડો વિચાર કરીએ તો મગજમાં ઉતરે પણ દશાવતારોમાં સૌપ્રથમ ત્રણ, મત્સ્ય, કુર્મ, વરાહનું રહસ્ય સમજવાની ક્ષમતા અને વૃત્તિ પણ આપણામાં કદાચ નથી. કારણ તેમણે કરેલાં યુગકાર્યનો પ્રકાર આપણને સમજાયો જ નથી. પણ જ્યારે આપણે તેમને દશાવતારોમાં પ્રથમ ત્રણ અવતાર તરીકે સ્વીકાર્યા છે તો અન્ય બધા અવતારોમાં સ્પષ્ટ દેખાતાં અને થોડા પ્રયત્ને બુદ્ધિમાં ઉતરી શકે તેવું યુગકાર્યના એ પ્રેરક અવતારોનાં યુગકાર્યને સમજીને જોડાવાની માનસિક ઉર્મિ આપણામાં ન જાગવાનું કારણ શું હશે ?

કારણ કદાચ એ પણ હોય કે પ્રથમાવતાર મત્સ્ય, દ્વિતીયાવતાર કુર્મ અને ત્રુતીયાવતાર વરાહનાં જીવનકાર્યોનો સંબંધ આપણી એટલે કે મનુષ્યજાતિ સાથે ક્યાંય સંબંધિત હોય એવું દેખાતું નથી, તેમનાં મંદિરો નથી, ઉપાસનામંત્રો નથી, દશાવતારની વાત જાણનારા લોકોમાંથી પણ ઘણા લોકોને પ્રથમ ત્રણે અવતારો ક્રમબદ્ધ યાદ પણ નહીં હોય. તો સમાજોપકારક કાર્યો તો કેવી રીતે યાદ હોય ? કદાચ એવું પણ હોય કે ત્રણે પ્રથમાવતારોનું જીવનકાર્ય એકલતાથી બચવા માટે એકમાંથી અનેક થએલાં પરમાત્મતત્ત્વ સાથે જ અને એટલે ચરાચર સૃષ્ટિનાં કલ્યાણ, પોષણ, સંરક્ષણ અને સંવર્ધન સાથે જ હોય અને તે ત્રણ અવતારોનાં માધ્યમથી કદાચ ધ્યાનમાં આવ્યું હોય કે 'કદાચ ધર્મ સંસ્થાપનાનું કાર્ય મનુષ્ય સાથે જ સંબંધિત રહેશે અને ત્યાં જ તેની સંસ્થાપના માટે વારે વારે પ્રયાસ કરવો પડશે. એટલે તૃતીયવતાર પછીના અવતારોનું જીવનકાર્ય મુખ્યત્વે મનુષ્યજાતિ સાથે સંબંધિત રહ્યું અને એટલે જ આપણે તે અવતારો બાબતે થોડું ઘણું જાણીએ છીએ અને કલ્કી સ્વરૂપે દશમાવતારની કાગડોળે વાટ જોઇ રહ્યા છીએ. આવશે અને આપણે માટે બધું સરખું કરી દેશે.

સંગઠનનું મહત્ત્વ સમજતા લોકો દશમ અવતારને  સંઘાવતાર પણ કહે છે અને આત્મતત્ત્વો અથવા અંશાત્મતત્ત્વોનાં એકત્રીકરણથી થતા પરમાત્મતત્ત્વના પ્રકટીકરણને જ સંઘાવતાર કહી શકાશે. અને એ જ દશાવતારની માન્યતાનો અંતિમ અવતાર છે. સંઘાવતાર.

આપણે બધા આ જ ધર્મસંસ્થાપનાનાં ઇશકાર્યને સ્વયંપ્રેરણાથી સ્વીકારેલા કાર્યકર્તાઓ છીએ. આ કાર્ય એટલે ધર્મસંસ્થાપનાનું કાર્ય અને આપણે છીએ તેને સ્વયંપ્રેરણાથી સ્વીકારેલા ઇશકાર્યના કાર્યકર્તાઓ. ઇશકાર્યનું ગીતાપ્રણિત વર્ણન ઉપર કર્યું,તે છે ધર્મસંસ્થાપનાનું કાર્ય.  'धर्म संस्थापनार्थाय' જેના સંદર્ભમાં આપણે ચોથા અવતારથી નવમ અવતાર સુધીના અવતારોને યશ આપીને તેમનો આભાર માનીએ છીએ અને દશમ અવતારની રાહ જોઇ તેના પર જવાબદારી નાખી હળવા થઇ જઇએ છીએ. પણ સંગઠનશાસ્ત્રીઓએ તેને સંઘાવતાર કહી આપણને તેનો અંશ બનાવી આપણી છટકબારી બંધ કરી દીધી છે. કારણ

ઇશકાર્ય સ્વીકારનારા કાર્યકર્તાઓ મળીને જ એ પૂર્ણાવતાર જન્મવાનો છે અને તેને ફાળવી દીધેલા યશ કે અપયશના આપણે સમભાગે અધિકારી બનવાના છીએ. અને એટલે આપણે બધાએ એ કાર્યને યશ અપાવવા યોગ્ય બનવું એ જ આપણી સૌથી મોટી જવાબદારી બને છે.

એના સંદર્ભમાં થોડો વિચાર કરીએ. સંગઠનશાસ્ત્રીઓએ કહ્યું, એક વાર પ્રાર્થના કરી તે કાયમ માટે સ્વયંસેવક. એક વાર પરિવારમાં જેણે જન્મ લીધો એનું કદાચ શારીરિક વાસ્તવ્ય ક્ષણભર જ રહે તો પણ તે પરિવાર સદસ્યના વંશવૃક્ષનો તો કાયમ માટે અંશ બની જ જાય છે. તે જ નિયમ એક વાર સંગઠનમાં પ્રવિષ્ટ થઈ ચૂકેલા આપણા બધા માટે છે.

આ સંદર્ભમાં સંગઠનશાસ્ત્રમાં પ્રસિદ્ધ એક ગીતનો વિચાર કરીએ. 'सत्य स्वयंसेवक बनने का सतत प्रयत्न हमारा है । એક તરફ એક વાર સંગઠનમાં કરી લીધેલો પ્રવેશ વ્યક્તિને તે સંગઠનપરિવારનો કાયમી સદસ્ય બનાવી દે છે અને બીજી તરફ આ ગીત પંક્તિ સ્વયંસેવક બનવાનો અમારો સતત પ્રયત્ન છે' 'सत्य स्वयंसेवक बनने का सतत प्रयत्न हमारा है । આ બંને પરસ્પર વિરોધાભાસી નથી ? .મને લાગે છે કે આ વિરોધાભાસ સમજવા ગીતના પ્રથમ શબ્દ સત્ય સ્વયંસેવક' પર આપણે ધ્યાન કેંદ્રિત કરવું જોઇએ. ' 'स्वयंप्रेरणा से माता की सेवा का व्रत धारा है, सत्य स्वयंसेवक बनने का सतत प्रयत्न हमारा है । આ સત્ય સ્વયંસેવક શબ્દથી સંગઠનાચાર્યો શું સમજાવવા માગે છે ? શું આને આવી રીતે વિચારી શકાય ? પરિવારમાં જન્મ થયો એ ક્ષણથી આપણે એ પરિવારનું અભિન્ન અંગ તો થઈ જ ગયા. કેવળ એટલાથી આપણી વ્યક્તિગત પ્રતિષ્ઠા કદાચ વધશે કે ઘટશે પણ કુલપ્રતિષ્ઠા વધશે ? પ્રહ્લાદ માત્ર હિરણ્યકશ્યપુના પુત્ર તરીકે જ પ્રસિદ્ધ હોત તો તેમની પોતાની પ્રતિષ્ઠા વધી હોત કે કુલગૌરવ વધ્યું હોત ? કનોજના જયચંદના શાહબુદ્દીન ઘોરીને નિમંત્રી દિલ્હીમાં પ્રથમ પરકીય શાસનનું નિમિત્ત બનવાના કારણે તેમની વ્યક્તિગત પ્રતિષ્ઠા અને કુલગૌરવ બંનેમાંથી એક પણ વધ્યું ? તો આપણે કહી શકીએ કે પ્રહ્લાદને કારણે તેમની વ્યક્તિગત પ્રતિષ્ઠા પણ વધી અને તેઓ કુલોદ્ધારક પણ સિદ્ધ થયા. જયચંદ ન તો કુલપ્રતિષ્ઠા વધારી શક્યા કે ન તો પોતાની પ્રતિષ્ઠા વધારી શક્યા. પણ તેઓ એ કુલના અંશ તો મટી શકવાના નથી એ નક્કી છે તો શું કરવું ? શું આપણે પ્રહ્લાદને સુપુત્ર અને જયચંદને કુપુત્ર સંજ્ઞા આપી શકીએ ? મને લાગે છે કે 'सत्य स्वयंसेवक बनने का सतत प्रयत्न हमारा है । નો અર્થ પણ આ જ સંદર્ભમાં સમજી શકાય..સુપુત્ર સિદ્ધ થવું છે કે કુપુત્ર ? તે આપણો પોતાનો જ નિર્ણય હોઇ શકે. સંગઠનશાસ્ત્ર કાર્યકર્તા પાસેથી આ પ્રયત્ન ઇચ્છે છે.

અને એ ઇચ્છા પૂર્ણ કરવાનો સંકલ્પ જ કાર્યકર્તા તરીકે આપણા બધાનાં જીવનની સાર્થકતા છે.

જો આ ઇચ્છા પૂર્ણ કરવી હોય તો આપણે શું વિચારવું જોઇએ ? આપણા મહાજનો એનો વિકાસક્રમ આપે છે, એ કેવો છે ? તો તેમણે કાર્યકર્તા માટે વિકાસક્રમના ચાર શબ્દો આપ્યા છે.

1. જાગરણ

2. સંસ્કરણ

3. સંગઠન

4.સમર્પણ

આપણે બધા સંગઠનના અંશ હોવાને કારણે આ ક્રમે આપણો વિકાસ થઈ રહ્યો છે કે નહીં તેનું નિત્ય આત્મનિરીક્ષણ અને આપણા કુળમાં એક વાર પ્રવેશેલા સભ્યને આપણે જ્યાં સુધી પહોંચાડવો છે તે માટેની ક્ષમતા પ્રાપ્ત કરવા માટે આ શબ્દોના અર્થોને પણ સમજવા પણ આપણે માટે આવશ્યક છે એટલે આપણે તેનો થોડો વિચાર કરીશું.

જાગરણ - આ શબ્દનો અર્થ છે કે તે કોઇ પણ કુળમાં જન્મ લઈ તેનું અભિન્ન અંગ થઈ ગયો. એટલે તેનો કુળધર્મ સમજવો., સંસ્કરણ એટલે કોઇ પણ સંજોગોમાં એ કુળધર્મને માટે ગૌરવપૂર્ણ વ્યવહાર માટે મનને તૈયાર કરવું. શિવપુત્ર સંભાજી જ્યારે શત્રુના સંકંજામાં ઝડપાયા ત્યારે તેમની સામે બે વિકલ્પ હતા, 1. સ્વધર્મનો ત્યાગ અને પ્રાણ તથા ઐહિક સુખવૈભવનું સંરક્ષણ અને 2. અમાનવીય યાતના સ્વીકારીને પ્રાણાર્પણનું મૂલ્ય ચુકવીને પણ સ્વધર્મ અને કુલધર્મનું રક્ષણ. તેમણે બીજો વિકલ્પ સ્વીકાર્યો અને સુપુત્રની શ્રેણીમાં પ્રવેશ કર્યો. આવું જ ઉદાહરણ દશમ શીખગુરુ ગોવિંદસિંહજી મહારાજ, યુદ્ધના મેદાનમાં જતા ચૌદ વર્ષની વયના તરસ્યા પુત્રને 'હવે તો શત્રુરક્તપાન કરી તરસ છીપાવજો' કહીને યુદ્ધમાં મોકલી દેનારા તેમનાં માતા  અને દિવાલોમાં જીવતા ચણાતા અને ચણાતા ચણાતા પરધર્મસ્વીકારનો વિકલ્પ સ્વીકારી પ્રાણરક્ષણની બધા જ પ્રકારની લાલચોને ફગાવી દેતા પુત્રોનું ગણી શકાય.'આપણે એ પણ જાણવું જોઇએ કે સૌથી મોટો પુત્ર ચૌદ વર્ષનો અને સૌથી નાનો સાત વર્ષનો હતો'. મેવાડની સ્વતંત્રતાના સંકલ્પ સાથે મહારાણા પ્રતાપે હલ્દીઘાટી મહાયુદ્ધ અને તેના પછી 22 વર્ષનો વનવાસ સ્વીકારી ભીલ વનવાસી બંધુઓ સાથે રહી, તેમની સ્વાતંત્ર્યપ્રેરણા જગાડી મેવાડની સ્વતંત્રતા પ્રાપ્ત કરી. સર્વપ્રકારનાં કષ્ટો સહન કર્યાં. અને જયપુર, જોધપુરના ક્ષત્રીય શાસકોએ રાજ્યવૈભવ બચાવવા માટે પરકીય આક્રમક અકબરની શરણાગતિ સ્વીકારી પોતાના પરિવારની દિકરીઓ પરધર્મી જનાનખાનામાં નાખી સર્વપ્રકારની નાલેશી સ્વીકારી. બધાનો કુલધર્મ સમાન હતો, પારિવારિક અધિકારો અને જવાબદારીઓ સમાન હતા પણ તેનું ગૌરવ ક્ષુલ્લક સુખ માટે જતું કરનારા કુપુત્રો અને મહારાણા આપણા જેવી ભવિષ્યની બધી જ પેઢીઓ માટે ગૌરવ અને પ્રેરણાકેંદ્ર સિદ્ધ થઈ સુપુત્ર સિદ્ધ થઈ ગયા. રાજસ્થાનની પન્નાદાઈ અને મેંદરડા(જૂનાગઢ)ના દેવાયત આહીર જેવાં અનેક ઉદાહરણો આ વાતને સિદ્ધ કરે છે. આ સંસ્કરણનાં ઉદાહરણો છે.

આવા સંસ્કારિત લોકોનું સંગઠન એક સાત્વિક સંગઠિત શક્તિ નિર્માણ કરે છે એટલે કાર્યકર્તા તરીકે પોતાની જાતને એકસૂત્રમાં પરોવાવા તત્પર રહેવું અને જેમને આ કાર્ય સાથે જોડવાની જવાબદારી આપણી છે તેવા લોકોને સંગઠનસૂત્રમાં જોડવા અને જોડાવા પ્રેરિત કરતા જવા એ ઇશકાર્યનું ત્રીજું મહત્ત્વનું કામ છે. સંગઠન વ્યક્તિગત શક્તિને અનેકગણી કરે છે,  સુતરનો એક ઝીણો ધાગો જ્યારે પોતાનું વ્યક્તિગત મહત્ત્વ ભૂલી સુતરના અનેક તાંતણાઓમાંથી દોરડામાં પરિવર્તિત થાય છે ત્યારે તે મહાકાય હાથીને પણ બાંધી શકે છે એટલા માટે વ્યક્તિગત મહાશક્તિ અને શ્રેષ્ઠ ક્ષમતાઓ ભૂલી, તેને આધારે પ્રાપ્ત થનારા બધા જ વ્યક્તિગત લાભો, પ્રતિષ્ઠા, સંપત્તિ વગેરે ભૂલી સંગઠનને જ જીવનનું કેંદ્ર બનાવી તેને જ પોતાની બધી જ શક્તિ અને પ્રતિષ્ઠા સમર્પિત કરવાની માનસિકતા જ રાષ્ટ્રને પરમવૈભવસંપન્ન અને ઇશકાર્યની સિદ્ધિ  માટે પૂર્ણ સમર્થ  બનાવી શકે છે. છત્રપતિ શિવાજી મહારાજના પ્રેરણાદાતા ગુરુને આપણે  સમર્થ રામદાસ તરીકે ઓળખીએ છીએ. સમર્થ શબ્દનો અર્થ શું ? શિવાજી જેવા રાષ્ટ્રપુરુષનાં નિર્માણનું સામર્થ્ય ધરાવતો માણસ. અને રામદાસ એટલે ? તો પોતાનું બધું સામર્થ્ય રામચરણે હોમી દઇ શ્રીરામની દાસવૃત્તિને જ મહત્ત્વ આપનારો માણસ.આપણા સંગઠનશાસ્ત્રી મહાજનો આપણી પાસેથી આવાં સામર્થ્ય અને આવી શ્રીચરણોમાં સમર્પણશીલ ધ્યેયશરણ વૃત્તિ ઝંખે છે.

અને છેલ્લી વાત છે સમર્પણ. ઇશકાર્ય માટે એટલે કે ધર્મસંસ્થાપનાનાં કાર્ય માટે  પોતાનાં સર્વસ્વનું નિ:શેષ સમર્પણ. આ સર્વસ્વ સમર્પણમાં સર્વપ્રકારનાં ઐહિક સુખો, સર્વપ્રકારનું અભિમાન, સર્વપ્રકારનું સામર્થ્ય બધું જ રાષ્ટ્ર, માનવતા, વિશ્વકલ્યાણ અને તેને માટે આપણને પ્રેરણા આપતાં સંગઠનને ચરણે સમર્પણ. આ જ માર્ગે પૂર્ણ સમર્પિત અને લક્ષાવધી બંધુઓના પ્રેરણાસ્ત્રોત

એક મહાપુરુષે 'इदं राष्ट्राय, इदं न मम' ના ભાવ સાથે 'मैं नहीं तू ही' એ શબ્દોમાં પ્રત્યક્ષ કરેલું સર્વસ્વાર્પણનું એક ઉત્કૃષ્ટ પ્રત્યક્ષ ઉદાહરણ આપણી સામે છે.

ધર્મસંસ્થાપનાનાં કાર્યનો સીધો સંબંધ મનુષ્ય સાથે આવે છે પણ તેથી પણ આગળ એકલા એકલા ન ગમતું હોવાથી 'एकोऽहम बहुस्याम्' એકના અનેક થએલા એક જ પરમતત્ત્વનાં વિભિન્ન અંશતત્ત્વોને પોતાનાં જ માની તે સર્વેનાં કલ્યાણની કામના કરવી એ પણ ઇશકાર્યનું જ સ્વરૂપ છે અને તેને માટે પણ શારીરિક, માનસિક સિદ્ધતા પ્રાપ્ત કરવી અને અન્યોને તે માટે પ્રેરવા એ આપણું કાર્યકર્તા તરીકે કર્તવ્ય છે તે આપણા સંગઠનશાસ્ત્રી ઋષિઓ જાણે છે અને તેથી ધર્મ સંસ્થાપના જેવું જ એક બીજું સૂત્ર આપણી સામે મૂકે છે. 'सर्वेतः सुखिनः सन्तु, सर्वे सन्तु निरामयाः सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखभाक् भवेत । આ સૂત્ર સમજવાનો પ્રયાસ કરીએ તો આપણે પ્રથમ ત્રણ ઇશાવતારો સાથે જોડાઇ શકીશું. આ સૂત્ર सर्वे संघीयाः , सर्वे हिन्दवाः, सर्वे भारतीया : તો નહીં જ પણ सर्वे मनुष्या : પણ નથી શિખવાડતું, પણ सर्वेतः કહી અનેકરૂપ પરમાત્મતત્ત્વનાં બધાં જ વિભિન્ન અંગોના મંગલની અને કલ્યાણની કામના કરી તેનાં સુખ માટે સમર્પિત થવા માટે આપણને પ્રેરે છે.


મને લાગે છે કે આપણે બધા આ મહત્કાર્ય સાથે જોડાએલા કાર્યકર્તાઓ છીએ અને આ ઇશ્વરીય કાર્યની સફળતા ઇશ્વરની કૃપા પર નિર્ભર છે. તે કૃપા મેળવવા પ્રાપ્ત થવાનો સતત પ્રયત્ન એ જ એક અવિરત આત્મપરીક્ષણની સાધના છે. 'सत्य स्वयंसेवक बनने का सतत प्रयत्न हमारा है । એ ગીત પંક્તિ અનુસાર એ જ ઇશ્વરના, માનવતાના, હિંદુ એકાત્મમાનવદર્શનના અને આપણા કુલના સુપુત્ર થવાનો સતત પ્રયત્ન છે. આ પ્રયત્નમાં આપણે ક્યાં હતા, ક્યાં છીએ અને ક્યાં પહોંચવા સંકલ્પિત છીએ તેનું આત્મદર્શન અને આત્મપરીક્ષણ જ આવશ્યક છે. આ આપણી નિરંતર સાધના જ આપણા દ્વારા આપણી પાછળ કાર્યમાં સમાવિષ્ટ બંધુને આગળ વધવાનું એકમાત્ર પ્રેરણાસ્થાન છે એટલે તેનું સતત સહચિંતન મને આવશ્યક લાગે છે. તે દ્રષ્ટિથી મારાં મનમાં ચાલી રહેલા વિચારો વિશે વિચારતો રહું છું અને સહચિંતન માટે આપની સામે મૂકું છું.

<u>**ભારતીય વિચાર મંચ**</u>

<u>**દ્વિમાસિક સામાયિક "વિચાર મંથન"**</u>

<u>**લવાજમ અભિયાન**</u>

***ભારતીય વિચાર મંચના પ્રાંત ઉપાધ્યક્ષ તથા આ અભિયાનના પ્રમુખ પથદર્શક શ્રી સુભાષભાઇ ભાવસારનો દિશાનિર્દેશ***





આત્મીય બંધુઓ,

આ વર્ષનો છેલ્લો મહિનો એટલે કે ડિસેમ્બર ૨૦૨૧ એ આપણાં કામની દ્રષ્ટિથી મહત્વનો મહિનો બની રહેવાનો છે. કારણ આપણા બધાની જ પૂરી શક્તિ અને એકાગ્રતા માંગી લેનારો એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ આપણે આ મહિના માટે હાથમાં લીધો છે. અહીં એ કાર્યક્રમ અને તે કાર્યક્રમમાં આપણી બધાની અપેક્ષિત ભૂમિકા વિશે થોડી વાત કરીશ.

શું છે આ કાર્યક્રમ ? તો તે કાર્યક્રમ છે, આપણે જાણતા જ હોઇશું કે આપણી પાસેથી એટલે કે ભારતીય વિચાર મંચ પાસેથી અપેક્ષિત કાર્યની પૂર્તિ હેતુ સન ૨૦૧૩ થી અર્થાત્ ૮ વર્ષ પહેલાંથી એક ત્રૈમાસિક 'વિચાર મંથન ' શરૂ કર્યું છે. તેનો સર્વપ્રથમ અંક આપણે માર્ચ ૨૦૧૩માં સમાજબંધુઓ સામે પ્રસ્તુત કર્યો. શું હેતુ છે આ ત્રૈમાસિકનો ? જો આપણે આપણાં ત્રૈમાસિકનો અભ્યાસ કર્યો હશે અથવા અત્યાર સુધી એ મોકો આપણને ન મળ્યો હોય જૂના પૂર્વપ્રકાશિત અંકો જોઇને હવે કરીશું તો તે હેતુને ચોક્કસ સમજી શકીશું. એ ત્રૈમાસિક વિચાર મંચના કાર્યકર્તાઓ દ્વારા થતા કાર્યક્રમો, એ કાર્યક્રમોમાં આવતા અનેકાનેક ગણમાન્ય મહાનુભાવો કે વિચારગોષ્ઠિ, વ્યાખ્યાનમાળા, સેમિનાર વગેરે વિવિધ કાર્યક્રમોના મંચ પરથી તેમના દ્બારા થતાં ભાષણો, અ. ભા. સ્તરના આવતા મહાનુભાવો દ્વારા થતાં વક્તવ્યો વગેરેની માહિતી તેને આધારે આપણા ભા. વિ. મંચનું ઓજસ્વી ચિત્ર સમાજ સામે પ્રસ્તુત કરવાનું નથી. પરંતુ જે સમાજના વિવિધ વિચારોમાં શ્રદ્ધા ધરાવતા પણ વિવિધ વિચારપ્રવાહો(પરસ્પર વિરોધી પણ)વચ્ચે પ્રામાણિક વૈચારિક વિમર્શ(વૈચારિક સંવાદ)ને આવકારતા અને તે પ્રામાણિક વૈચારિક


વિમર્શમાંથી લોકકલ્યાણક અને  સમાજકલ્યાણક તારવી તેને સ્વીકારી તેનો સામાજિક હિત માટે ઉપયોગ કરનારા સમાજના વૈચારિક વર્ગ સામે વિશ્વભરના અનેક ભારતીય વિચારને પોષક વિચારકો દ્વારા એ જ વિશ્વમંગલના હેતુથી વ્યક્ત વિચારોને પ્રસ્તુત કરી તેને આધારે સર્વકલ્યાણક વૈચારિક વિમર્શને ગતિ આપી વિવિધ વિચાર ધરાવતા આ પ્રબુદ્ધ બંધુઓને વિશ્વકલ્યાણક વિચારપ્રસ્તુતિ પ્રત્યે આકર્ષિત કરી, આપણાં વૈચારિક કાર્ય સાથે જોડવા એ જ આ આપણાં ત્રૈમાસિકનો હેતુ છે.




ગત ૯(નવ)વર્ષમાં પ્રકાશિત સામગ્રી જોઇશું તો આપણા એ હેતુની પ્રામાણિકતા અને તે હેતુ સિદ્ધ કરતી સામગ્રી શોધીને, સંકલિત કરીને પ્રસ્તુત કરવા પાછળનો આપણા કાર્યકર્તા બંધુઓનો પરિશ્રમ ધ્યાનમાં આવશે, તત્પરતા ધ્યાનમાં આવશે. અને આ ઉપક્રમનું મહત્ત્વ પણ ધ્યાનમાં આવશે.

ગત બે વર્ષથી કોરોનાની વૈશ્વિક આપત્તિને કારણે આપણા એ પ્રયાસમાં ઘણી શિથિલતા પણ આવી છે અને વ્યત્યય પણ આવ્યો છે. કોરોનાકાળમાં આપણે અંકનાં ઓન લાઇન પ્રકાશનનો પ્રયાસ પણ કર્યો પરંતુ આપણા વરિષ્ઠ કાર્યકર્તાઓનાં ધ્યાનમાં આવ્યું કે આ પ્રયાસ કાર્યની  હેતુપૂર્તિની દ્રષ્ટિથી પર્યાપ્ત નથી. ત્રૈમાસિકની શરૂઆતથી આવા ઉપક્ક્રમોનું મહત્ત્વ સમજતા વાચનપ્રિય બંધુઓ દ્વારા હજાર કરતા પણ વધુ વાર્ષિક લવાજમોની સાથે સાથે  મોટી સંખ્યામાં આપણી પ્રામાણિકતા અને આપણાં કાર્યનું મહત્ત્વ સમજતા લગભગ ૮૦૦ કરતાં પણ વધુ મિત્રોએ આજીવન ગ્રાહક બનીને પણ આપણો  ઉત્સાહ વધાર્યો છે. આ બધું ધ્યાનમાં રાખીને આપણે આખા વિષયનો સમગ્રતયા વિચાર કરીને કોરોનાની આપત્તિનાં શમનને ધ્યાનમાં રાખી એ પ્રકલ્પ માટે નવવિચાર કર્યો અને ત્રૈમાસિકના પુનરારંભની સાથે સાથે તેને ત્રૈમાસિકને સ્થાને દ્વિમાસિક સ્વરૂપે પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો છે.

આ નિર્ણય સાથે બધા જ જૂના સભ્યો અને આપણી વૈચારિક પ્રતિબદ્ધતામાં શ્રદ્ધા ધરાવતા નવા મિત્રો પાસે 'વિચારમંથન'ને તેનાં નવા સ્વરૂપમાં પહોંચાડવાની આપણી જવાબદારી પૂર્ણ કરવાના હેતુથી આપણે આ વર્ષના અંતિમ માસમાં અર્થાત્ સન ૨૦૨૧ની ૧ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર એમ આખા મહિના માટે એક અભિયાન(મહાપ્રયત્ન) હાથમાં લેવાનો સંકલ્પ કર્યો છે (મને ખાત્રી છે કે આ વિષયની સંપૂર્ણ માહિતી આપણા બધા પાસે પહોંચી જ ગઇ હશે). આ સંકલ્પની પૂર્ણપણે સફળતા આપણા બધા પર જ આધારિત છે. એ દ્રષ્ટિથી આ આખા ઉપક્રમને અને તેમાં આપણી વ્યક્તિગત ભૂમિકા વિશે કેવી રીતે વિચારવું જોઇએ એ બાબતે મારા થોડા વિચારો આપની બધાની સામે મૂકું છું. અનેક કાર્યકર્તા બેઠકોમાં આ અપેક્ષાઓ અનેક વરિષ્ઠ કાર્યકર્તાઓ દ્વારા વ્યક્ત થઇ જ છે, આજે એ જ અપેક્ષા વિચારસંદેશમાં આ લેખન દ્વારા વ્યક્ત કરું છું. અને એ બાબતે મારી દ્રષ્ટિથી મહત્ત્વના કેટલાક મુદ્દા આપની બધાની સામે મૂકું છું.




૧. ૧ થી ૩૧ ડિસેમ્બર સુધીના બધા જ દિવસ આપણી સતત અને નિશ્ચિત પ્રકારની સક્રિયતા રહે, મા. સુનીલભાઇ શાહના સૂચન પ્રમાણે અભિયાનનો પ્રત્યેક દિવસ રોજ ઓછામાં ઓછો એક સંપર્ક થાય. પ્રતિદિન કોઇ એક મિત્ર સાથે સામયિકના સદસ્ય બનવાના સંદર્ભમાં પ્રત્યક્ષ સંપર્ક થાય.

૨. આપણો સંપર્ક માત્ર વિચાર મંચ, સંઘ, પરિવારક્ષેત્ર સ્વરૂપે આપણા જ પરિવાર પૂરતો સીમિત ન રહે. સંઘવિચાર સાથે જેમને આપણે જોડવા મહેનત કરી રહ્યા છીએ તેવા આપણા કૌટુંબિક પરિચિતો, વ્યવસાયનાં ક્ષેત્રમાં આપણા સહકર્મીઓ, જ્ઞાતિની દ્રષ્ટિથી આપણો જેમની સાથે સંપર્ક આવે છે તે પૈકીના ઓછામાં ઓછા દસથી માંડીને પ્રતિદિન પ્રત્યક્ષ સંપર્ક કરવાનો આપણે

જે સંકલ્પ કરીએ છીએ તે પ્રમાણે વધુ માં વધુ જેટલા થઈ શકે તે માટે પ્રથમ પ્રયાસ કરીએ. ૩. સંઘપરિવારના આપણા બધા જ પરિચિતોને આપણે 'વિચાર મંથન'ની આપણી યોજનાથી પરિચિત કરીએ અને ગ્રાહક બનવાનો નિર્ણય તેમના પર છોડીએ.

૪. જેવી રીતે પ્રાંતનો લક્ષ્યાંક, કેંદ્રનો લક્ષ્યાંક નિશ્ચિત કર્યો છે તે જ રીતે કાર્યકર્તાબંધુઓ પોતાનો વ્યક્તિગત લક્ષ્યાંક પણ નિશ્ચિત કરે. બધા જ કેંદ્રો પાસેથી તો પ્રાંત અધિકારીઓની પૂછપરછ તો રહેશે, પણ પ્રાંત અધિકારીઓ અને કાર્યકર્તા તરીકે આપણે નિશ્ચિત કરેલા વ્યક્તિગત લક્ષ્યાંકની પૂર્તિ અને તે માટેના પર્યાપ્ત પ્રયાસ બાબતે કોઇ કેંદ્ર જવાબ માગવાનું નથી તેથી આ, બધા જ કાર્યકર્તાઓએ(આપણે બધાએ) પોતે જ પોતાની પાસેથી હિસાબ માગતા રહેવું પડશે. અને તેનો પ્રેરક અને ઉત્સાહવર્ધક જવાબ મળે તેને પોતાની જ જવાબદારી માનવી પડશે. જો આપણે આ કરીશું તો અભિયાનનું સો ટકા સફળ પરિણામ પ્રાપ્ત થવામાં આપણે મોટાં પ્રમાણમાં સહયોગી થઇ શકીશું.

૫. પૂર્ણ શક્તિ માંગી લે એવા લક્ષ્યાંકો નિશ્ચિત કરવા અને તેને સો ટકા સફળ કરવા એ જ આપણું લક્ષ્ય રહેશે તો આપણાં આગળનાં કામ માટે ઉત્સાહવર્ધક વાતાવરણ આપણને પ્રાપ્ત થશે. આપણો પરિશ્રમ અને સફળતા અનેક નવીન મિત્રોને આપણાં કાર્ય સાથે જોડાવા પ્રેરણા આપી રહેશે.

આપણો સામૂહિક પ્રયાસ આપણા સંકલ્પને સફળ બનાવશે જ એવા વિશ્વાસ સાથે મારો આ વિચાર વિચારાર્થે આપની સામે મૂકું છું. યોગ્ય લાગે તો કૃતિમાં મૂકવા વિનંતી કરું છું.

વિચાર મંથન અભિયાન કાલાવધિ - ૧ ડિસેમ્બર, ૨૦૨૧ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧..

દ્વિવાર્ષિક લવાજમ(૧૨ અંક) ૫૦૦/- પાંચસો રૂપિયા કેવળ.

ભારતીય વિચાર મંચના આ "વિચાર મંથન-દ્વિમાસિક" ને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડી તેનું લવાજમ અભિયાન સાર્થક કરીએ.

ઓનલાઇન લવાજમ ભરવા માટે વિચાર મંચની વેબસાઇટ લિંક ➡

https://vichar.org/ભારતીય-વિચાર-મંચ/

અને ભારતીય વિચાર મંચના પોર્ટલ ની લિંક પર પણ લવાજમ ભરી શકાશે :

https://vmanthan.org/ભારતીય-વિચાર-મંચ/


ખાસ નોંધ : વિચાર મંથન સામાયિક તમારા દ્વારા ફોર્મમાં ભરેલા એડ્રેસ ઉપર કુરિયર/પોસ્ટના માધ્યમથી આવશે.

સંપર્ક :-

સુભાષ ભાવસાર - 9426621819

અનલભાઈ વાઘેલા - 9824803187


ઇશાનભાઈ જોશી - 9427819431



# ભારત શોધ સંસ્થાન દ્વારા પાંચ પાઠ્યક્રમોનું વિમોચન


### ભારતીય જ્ઞાન સંપદા અને પરંપરા અભ્યાસ શ્રૃંખલા

अस्माकं भारत ની કાર્યશાળા દરમ્યાન ૧૨ ધોરણ સુધી અભ્યાસ કરીને આવેલ વિદ્યાર્થીઓ એટલે કે આપણા ભારતની ભાવિ પેઢી સાથે સંવાદ દરમિયાન ધ્યાનમાં આવ્યું કે જ્યારે તેઓને સનાતન, જ્ઞાન અને પરંપરા જેવા શબ્દો સાથે મુલાકાત કરાવી ત્યારે એક ઘડી તો તેઓને લાગ્યું કે શુ અમારી પાસે માત્ર માહિતિ જ છે? જ્ઞાન નહી? આપણા પુર્વજો પાસે એવું તો કેવું જ્ઞાન હતું ? ત્યાર બાદ તેમની જિજ્ઞાસાને સંતોષતા અનેક ઉદાહરણો જ્યારે તેમની સમક્ષ પ્રસ્તુત કર્યા અને ભારતીય જ્ઞાન પરંપરાના વૈશ્વિક યોગદાન વિશે તેમને જણાવ્યું તો દરેકના ચહેરા પર એક ભાવ તો સ્પષ્ટ જ હતો : ખરેખર ? આપણે આટલા આગળ હતા ? હજારો વર્ષો પહેલાં પણ?





આપણી આ ભારતીય જ્ઞાન પરંપરા ચેતના શક્તિના પાયા પર વિકાસ પામી છે. તેથી જીવનના દરેક ક્ષેત્ર જેવા કે વિજ્ઞાનથી વાણિજ્ય સુધી , મંદિરોથી મહાનગરો સુધી, શ્વાસથી સ્વાસ્થય સુધી, વ્યવહારથી વિકાસ સુધી ચેતનાનો આવિર્ભાવ જોવા મળતો હતો. આપણી સનાતન સંસ્કૃતિ અને તેનાં મૂળિયાં વર્ષો સુધી જ્ઞાન પરંપરાનો વારસો સાચવતાં આવ્યાં છે. ઔપનિવેશિકતાના અંધકારમય કાલખંડ બાદ આપણી એ ચેતના ઉર્ધ્વગામી બનવા થનગની રહી છે. ફરી એક વાર એ આવિર્ભાવ માટે આહવાન કરી રહી છે ત્યારે આપણા યુવાનો સુધી ભારતીય જ્ઞાન પરંપરાની વાત પહોંચે અને તેઓ ચેતનાના આવિર્ભાવના મહાયજ્ઞમાં જોડાય તે હેતુથી ભારત શોધ સંસ્થાન, ગુજરાતની અગ્રગણ્ય યુનિવર્સીટીઓ સાથે શરુ કરી રહ્યું છે " ભારતીય જ્ઞાન સંપદા અને પરંપરા અભ્યાસ શ્રૃંખલા" શ્રેણી. જે અંતર્ગત શરુઆતમાં ૫ વિષયોમાં સર્ટીફીકેટ અને ડીપ્લોમા કોર્સ શરુ થઇ રહ્યા છે.

1. **સર્ટિફિકેટ કોર્સ: ભારતીય જ્ઞાન પરંપરા**
આ કોર્સ ભારતીય વૈજ્ઞાનિક અને તકનીકી વારસાની ઝલક આપે છે અને ભારતીય જ્ઞાન પરંપરાની સંપૂર્ણતા વિશે સમજ આપે છે.




2. **ડિપ્લોમા કોર્સ: ભારતીય લેખન વિજ્ઞાન**
આ કોર્સ ભારતીય લેખન કળાના વિવિધ પ્રકારો, તેમની ઉત્પત્તિ, તેમના માટે વપરાતી સામગ્રી, લેખન શૈલી વગેરે તેમજ સૂચિ, સ્ક્રિબલ નોટ્સ અને હસ્તપ્રત પુસ્તકાલયોથી પરિચિત કરાવે છે.




3. **ડિપ્લોમા કોર્સ: ભારતીય પુરાલિપિ વિજ્ઞાન**

આ કોર્સ પ્રાચીન લિપિઓ, તેમના મૂળ, લેખનની શૈલી, તેમની સંરક્ષણ પ્રણાલી અને તેમના માટે વપરાતી સામગ્રીથી પરિચિત કરાવે છે.




4. **ડિપ્લોમા કોર્સ: ભારતીય શિક્ષણ વ્યવસ્થા**

ભારતીય શિક્ષણ ભારતની પરંપરા, સંસ્કૃતિ અને ઈતિહાસની વ્યાપક સમજ પૂરી પાડે છે. આ કોર્સ તમને વિવિધ પ્રાચીન ભારતીય શૈક્ષણિક સંસ્થાઓ, તેમનુ માળખુ અને તેમની કામગીરીનો પરિચય કરાવે છે.



5. **ડીપ્લોમા કોર્સ: ભારતીય દર્શન**

આ કોર્સ સમૃદ્ધ ભારતીય દર્શન અને તર્કશાસ્ત્રની વિગતવાર સમજ પૂરી પાડે છે. આ કોર્સ તમને વિવિધ પ્રાચીન ભારતીય દર્શન અને સમકાલીન સમયમાં તેની સુસંગતતાનો પરિચય કરાવશે અને પ્રાચીન ભારતીય દર્શન સમજવા અને તેનું વિશ્લેષણ કરવામાં મદદ કરશે.



ઉપરના કોર્સમા જોડાવવા માટે અને કોર્સની વધુ વિગત માટે તમે 'ભારત શોધ સંસ્થાન'ની વેબસાઇટ પર જઇ માહિતિ મેળવી શકો છો. નજીવા શુલ્ક સાથે ટૂંક સમયમા શરુ થનાર ઉપરના કોર્સીસમા આપ જોડાઇ શકો છો.

**ભારત શોધ સંસ્થાન, સેંટર ફોર ઈંડિક સ્ટડીઝ - ગુજરાત યુનિવર્સિટી** જ્ઞાનાર્જન હેતુ આપને *પ્રોત્સાહક છાત્રવૃતિ (promotional scholarship)* ની એક ઉત્તમ તક આપી રહ્યું છે.

ડિપ્લોમા અભ્યાસક્રમો જેનું મૂળ શુલ્ક **5000** / - રૂપિયા છે તે શિક્ષણ હવે ફક્ત નજીવા શુલ્ક *Rs. 500/-* માં પ્રાપ્ત કરી શકાશે.

સર્ટિફિકેટ અભ્યાસક્રમો જેનું મૂળ શુલ્ક Rs. **3000**/- છે તે હવે ફક્ત *Rs.**300**/-* માં કરી શકશો.

*આ તક જવા ના દેશો, આજે જ પંજીકરણ કરી લેશો!*

*પ્રોત્સાહક છાત્રવૃત્તિ (promotional scholarship) ની છેલ્લી તારીખ: **૩૧ ડિસેમ્બર ૨૦૨૧***

ઓનલાઇન પંજીકરણ માટેની લિંક : https://bit.ly/31SYh9t

ઓફલાઇન પંજીકરણ માટે સંપર્ક કરો: **96879 28486**

# ભારતીય વિચાર મંચ - કેન્દ્રશઃ  કાર્યક્રમો

## ભારતીય વિચાર મંચ - ગોધરા કેન્દ્ર

તારીખ ૦૯/૧૦/૨૦૨૧ ના રોજ ગોધરા કેન્દ્ર દ્વારા 'આતંકનો શહેરી ચહેરો - સત્યતા અને ભ્રમણા' વિષય પર ગોષ્ટિનું આયોજન કરેલ હતું.




વક્તા શ્રી શિરીશજી કાશીકર દ્વારા ખૂબ સુંદર રીતે દસ્તાવેજી પુરાવા સહિત વિષયને પ્રસ્તુત કરાયો. ગોધરા નગરના પ્રબુદ્ધજનો સમક્ષ નિમ્નલિખિત મુદ્દાઓ વિમર્શના હેતુથી મુકાયા:

-સતત અજાણ્યા અને નવા ચહેરા પહેરી આવતા આ વિષયને કેવી રીતે સમજવો, ઓળખવો ?

-તેના પ્રચાર પ્રસારની રીત.

-આ પ્રવૃત્તિના આર્થિક સ્ત્રોત  અને પદ્ધતિઓ.

- માત્ર ભય નહીં પણ વિચારધારાનો અન્ય કેવી રીતે વિસ્તાર થાય છે.

- કેવી રીતે શહેરી બુદ્ધિજીવીઓને લક્ષ્ય બનાવી અને તેના દ્વારા મીડિયા સહાય, લેખકો, કાનૂની સહાય મેળવી શહેરોમાં પગ




મજબૂત કરવા.

-૧૯૭૩ માં તૈયાર થયેલ ૨૦૦૭ સુધીના લક્ષ્યાંકના શિસ્તબદ્ધ દસ્તાવેજની માહિતી.

-ભીમા કોરેગાવ જેવી ઘટનાઓને આકાર આપી અસત્ય દ્વારા ભ્રમણાઓ ઉભી કરી આરાજકતા ફેલાવવી.

જેવી અનેક ઝીણવટ ભરી માહિતી શ્રોતાઓ સમક્ષ મુકવામાં આવી.

આ કાર્યક્રમમાં ૫૦ જેટલા પ્રબુદ્ધ નાગરિકોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમ દરમિયાન વિચારમંચ દ્વારા પ્રકાશિત પુસ્તકોનું પ્રદર્શન અને વેચાણ પણ રાખવા આવ્યું હતું. જેનો રસપૂર્વક સહભાગીઓએ લાભ લીધો.


કાર્વર
આતંકવાદ

# ભારતીય વિચાર મંચ - ગાંધીનગર : વિચાર ગોષ્ઠી

## ‘ભારતીય ન્યાય વ્યવસ્થાનું પ્રાચ્ય પ્રારૂપ - દોષનિવારણ અને નવસર્જન’

ભારતીય વિચાર મંચ, ગાંધીનગર કેન્દ્ર દ્વારા તા. ૧૩/૧૧/૨૦૨૧ને શનિવારે ‘ભારતીય ન્યાય વ્યવસ્થાનું પ્રાચ્ય પ્રારૂપ - દોષનિવારણ અને નવસર્જન’ એ વિષય ઉપર વિચારગોષ્ઠીનું આયોજન સે.૨૩ ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળના સભાગૃહમાં કરવામાં આવ્યું હતું. આ વિચારગોષ્ઠીમાં વક્તા તરીકે શ્રી અવધૂત સુમંત, વરિષ્ઠ અધિવક્તા, વડોદરા દ્વારા પોતાના વિચારો રજૂ નીચે મુજબ રજુ થયા.



- ઇસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા સન ૧૭૨૬ માં મદ્રાસ ખાતે પ્રથમ કોર્ટ શરૂ કરવામાં આવી. જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજકીય સત્તા જાળવી રાખવાનો હતો.

- એ વ્યવસ્થા એજ સ્વરૂપમાં આજે વટવૃક્ષ બનીને ભારતમાં ન્યાય આપવાનું કામ કરી રહી છે. સ્વાંતંત્રતા બાદ પણ એમાં કોઇ પરિવર્તન આવ્યું નથી.

-આજની ન્યાય વ્યવસ્થા ફક્ત ધનિક વર્ગ સુધી જ સીમિત રહી ગઇ છે.

- ન્યાય વ્યવસ્થાનું શિક્ષણ આપતી આપણી સંસ્થાઓ પણ વિદ્યાર્થીઓને જીવનમાં કાયદાની જગ્યાએ કાયદામાં જીવન એ વ્યવસ્થા શીખવી રહી છે.



- આપણા ધાર્મિક ગ્રંથો જેવા કે ચાર વેદો, મનુ, બૃહસ્પતિ, યાજ્ઞવલ્ક્ય તથા નારદ સ્મૃતિ, કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં પ્રાચીન ન્યાય વ્યવસ્થાનું વિસ્તૃત વિવરણ મળી આવે છે પરંતુ કમનસીબે તેનો પૂરતો અભ્યાસ થયો નથી.

- આપણી વ્યવસ્થામાં રાજા પણ ધર્મને આધીન હતો અને ધર્મના સિદ્ધાંતો આધારિત શાસન વ્યવસ્થાનો સંચાલક હતો.

- આપણી ન્યાય વ્યવસ્થામાં બદલાવ માટે ધર્મના સિદ્ધાંતોને આધારે કાયદાનું શાસન એ સૂત્ર પર કામ કરવાની જરૂર છે.

- પરિવર્તન માટે સૌપ્રથમ ન્યાય વ્યવસ્થામાં નીતિગત સુધારા કરવાની જરૂર છે. ત્યારબાદ મૂળ કાયદાઓમાં સુધાર કરી શકાશે.

- સ્થાનિક સ્તરે સ્થાનિક પ્રબુદ્ધજનોનો સમાવેશ કરીને લોકઅદાલત જેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ જેઓ કાયદાકીય પ્રક્રિયામાં પડ્યા વગર વિવાદોનું સમાધાન કરી શકે.

- અદાલતોમાં ન્યાય પ્રક્રિયા ઝડપી બનાવી શકાય તે માટે જે તે વિષયના નિષ્ણાતોની અદાલત મિત્ર તરીકે નિમણૂક કરવી જોઇએ જેઓ ન્યાયમૂર્તિઓને અલગ અલગ વિષયો પર સત્ય બાબત સમજાવી શકે.

- સૌથી મહત્વપૂર્ણ કાયદાના વિધાર્થીઓને ભારતીય શાસ્ત્રોની તાલીમ આપવી જોઇએ






- વિચારગોષ્ઠીનો લાભ ૨૫ જેટલા પ્રતિભાગીઓએ લીધો હતો. વ્યાખ્યાન બાદ પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. વિચારગોષ્ઠીમાં ભારતીય વિચાર મંચના પ્રાંત મંત્રી શ્રી ઇશાન જોશીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. ત્યારબાદ ભારતીય વિચાર મંચના ગાંધીનગર કેન્દ્રના અધ્યક્ષશ્રી ડૉ. પ્રવીણ વાટલિયાએ પુસ્તકો આપીને વક્તાશ્રીનું અભિવાદન કર્યું તથા આભારવિધિ કરી હતી. અંતે શાંતિમંત્રના પાઠ દ્વારા વિચારગોષ્ઠી પૂર્ણ કરવામાં આવી હતી.

# ભારતીય વિચાર મંચ અમદાવાદ કેન્દ્ર : વ્યાપક બેઠક

ભારતીય વિચાર મંચ અમદાવાદ કેન્દ્ર દ્વારા તારીખ ૧૮/૧૧/૨૦૨૧ ના રોજ એક વ્યાપક કાર્યકર્તા બેઠક યોજાઇ. રાબેતા મુજબની બેઠકો કરતાં ભિન્ન કહી શકાય તેવી આ બેઠકની વિશેષતા એ હતી કે, અમદાવાદ કેન્દ્રના વર્તમાનમાં પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે કામ કરી રહેલા કાર્યકર્તાઓ ઉપરાંત ભૂતકાળમાં સક્રિય રહેલા કાર્યકર્તાઓ પણ આ બેઠકમાં અપેક્ષિત હતા.



બધા અપેક્ષિત કાર્યકર્તાઓનો ગટ પદ્ધતિ ( નાના-નાના સમૂહ બનાવી તેમાંથી જ એક કાર્યકર્તા સુચનાઓની આપ-લે કરે ) પ્રમાણે ફોન અને મેસેજ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતા.

બેઠકમાં કુલ ૨૫ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકની શરૂઆતમાં 'ભારતીય વિચાર મંચ' ગુજરાત પ્રાંત અધ્યક્ષ શ્રી સુનિલભાઇ શાહ દ્વારા મંચના વિવિધ આયામો વિશે માહિતી આપવામા આવી અને તેમાં ચાલી રહેલા કામો તથા બેઠકમાં ઉપસ્થિત પ્રત્યેક કાર્યકર્તા કોઇ એક આયામ સાથે જોડાય અને વૈચારિક કામમાં સહભાગી થાય તે વિશે વાત મૂકી.



ત્યારબાદ અમદાવાદ કેન્દ્રના ઉપાધ્યક્ષ શ્રી અનલભાઈ વાઘેલા દ્વારા 'વિચાર મંથન' લવાજમ અભિયાન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

બેઠકમાં મુખ્ય માર્ગદર્શન પ્રજ્ઞા પ્રવાહ અખિલ ભારતીય સહ સંયોજક શ્રી શ્રીકાંતભાઈ કાટદરે દ્વારા પ્રાપ્ત થયું.

# ભારતીય વિચાર મંચ  કેન્દ્ર - ભાવનગર

અભિવ્યક્તિનું માધ્યમ 'લેખન' આપણા રોજબરોજના જીવનનું એક અગત્યનું અંગ છે. આજના યુગમાં જયારે એક બીજાને રૂબરૂ મળવું અઘરું છે એવા સમયે ફેસબુક પર પોસ્ટ લખવાથી લઇને કોઇકને જન્મદિવસની શુભેચ્છાઓ આપવા માટેનું માધ્યમ લેખન છે. લેખનની અનેકવિધ શૈલીઓના જાણે-અજાણે આપણે સંપર્કમાં આવીએ છીએ પણ દરેક શૈલીઓની ખાસિયતો અને ભિન્નતાથી આપણે અજાણ હોઈએ છીએ. નવી પેઢીના ઉભરતા લેખકોને તૈયાર કરવા માટે અને એમને પોતાની રસ રુચિની શૈલીઓનો પરિચય થઇ શકે એ હેતુ સાથે ભારતીય વિચાર મંચ, ભાવનગર કેન્દ્ર દ્વારા ગત તારીખ ૫ ડિસેમ્બર, ૨૦૨૧ રવિવારના રોજ મ. કૃ. ભાવનગર યુનિવર્સિટીના જુના કોર્ટ હોલમાં લેખન-કળા વિષય પર એક દિવસીય વર્કશોપ "લેખન-2021" નું આયોજન કરવામાં આવ્યું હતું.



વિદ્યાર્થીઓ અને પ્રબુદ્ધજનો માટેના આ જાહેર કાર્યક્રમનું ઉદ્ઘાટન 'પ્રજ્ઞા પ્રવાહ' ના રાષ્ટ્રીય સહસંયોજક માનનીય શ્રીકાંતજી કાટદરે અને ભારતીય વિચાર મંચ, ગુજરાત પ્રાંતના ઉપાધ્યક્ષ શ્રી. સુભાષભાઈ ભાવસારના હસ્તે થયું હતું. આ પ્રસંગે ABVP ના પૂર્વ પ્રાંત ઉપાધ્યક્ષ અને હાલમાં 'સાગર ભારતી'ના પ્રાંત સંયોજક શ્રી. બાબાભાઈ પંડ્યા વિશેષ અતિથિ રૂપે હાજર રહ્યા હતા.

વર્કશોપના બીજભાષણમાં મા. શ્રીકાંતજીએ ભારતીય વિચાર મંચની પ્રાસંગિકતા અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ભારતીય વિચારના સંદર્ભમાં લેખન માધ્યમની ઉપયોગીતા જણાવી હતી. ભારત દેશ અને ભારતીય વિચાર શું છે... થી લઇને ભારતીય વિચારનો પ્રભાવ, વિસ્તાર અને ભયસ્થાનોના ઉલ્લેખ દ્વારા શ્રી શ્રીકાંતજીએ નવોદિત લેખકોને સંબોધન કર્યું હતું.



વર્કશોપના પ્રથમ સત્રમાં ભાવનગર યુનિવર્સીટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના પ્રો. મહેન્દ્રસિંહ પરમારે "કથા-લેખન" વિષય પ્રસ્તુત કર્યો હતો. પ્રા. મહેન્દ્રસિંહ પરમારનું પ્રસ્તુતિકરણ દરેક પ્રતિભાગીઓને કથા-લેખન માટે જરૂરી ગુણોનો વિકાસ કરવા માટે અને વિચારવાની દિશાનું નિર્દેશન કરનારું રહ્યું. અત્યંત હળવી અને સરળ ભાષામાં પ્રા. મહેન્દ્રસિંહ દ્વારા કરાવવામાં આવેલા પ્રાયોગિક નિદર્શન દ્વારા પોતાના લેખન કૌશલને પ્રગટ કરવા માટે સૌ પ્રતિભાગીઓએ ઉત્સાહભેર પ્રયાસ કર્યો.

ભોજન પછીના દ્વિતીય સત્રમાં વરિષ્ઠ પત્રકાર શ્રી. જયેશભાઇ શુક્લ અને શ્રી જયેશભાઇ દવેએ "પત્રકારત્વ અને સાંપ્રત પ્રવાહ લેખન" વિષય પર પ્રતિભાગીઓનું માર્ગદર્શન કર્યું હતું. શ્રી જયેશભાઇ શુક્લ એ વિવિધ પત્રકારત્વના પ્રકાર અને પત્રકારત્વ માટે જરૂરી વિચાર અને શ્રી જયેશભાઇ દવેએ સાંપ્રત પ્રવાહોના લેખનની શરૂઆત કરવા માટે જરૂરી ચિંતનથી પ્રતિભંગીઓને પરિચિત કરાવ્યા હતા.




તૃતીય સત્રમાં શહેરની પ્રતિષ્ઠિત શાળા બી. એમ. કોમર્સના આચાર્ય અને ABVPના પૂર્વ પ્રાંત અધ્યક્ષ શ્રી. પરેશભાઈ ત્રિવેદી અને મ.કૃ. ભાવનગર યુનિવર્સીટીની શોધ-છાત્રાઓ કુ. વૈદેહીબેન હરીયાણી અને કુ. યેષાબેન ભટ્ટ દ્વારા "સોશિયલ મીડિયા અને બ્લોગ લેખન" વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. શ્રી. પરેશભાઈ ત્રિવેદી એ સોશિયલ મીડિયાનો પ્રભાવ અને એનો સપ્રમાણ ઉપયોગ સમજાવીને લેખન કાર્યનો નવો આયામ સમજાવ્યો. જયારે કુ. વૈદેહીબેન હરીયાણી અને કુ. યેશાબેન ભટ્ટે સંયુક્ત રીતે લીધેલા સત્રમાં બ્લોગ લેખનના પ્રકારો, બ્લોગ લેખનના કારણો અને વાચકોને ધ્યાનમાં રાખીને લખવાના કૌશલ ઉપર વિસ્તૃત માર્ગદર્શન કર્યું હતું.

પ્રખ્યાત હાસ્ય લેખક અને નેચરોપથીના ડોક્ટર શ્રી નીતિનભાઈ ત્રિવેદીએ ચતુર્થ સત્રમાં "વ્યંગ અને હાસ્ય લેખન" વિષયની સમજ આપી હતી. વિવિધ રીતે ઉભા થતા વ્યંગ અને હાસ્યના પ્રકારોનો ઉલ્લેખ કરીને એમણે સહજ હાસ્ય લેખન કેમ ઉત્પન્ન કરવું એની પ્રતિભાગીઓને સમજ આપી. 'હાસ્ય લેખન અલગથી લખવાની બાબત નથી હાસ્ય એની મેળે લેખનમાંથી ઉપજે છે' આ બાબત સમજાવીને શ્રી નીતિનભાઈ ત્રિવેદીએ અણગમા અને ચીડમાંથી પણ હાસ્ય ઉપજે છે એના પોતાના પ્રત્યક્ષ ઉદાહરણો આપ્યા હતા.




વર્કશોપનું સમાપન ભાવનગરના સતત પાંચ વખત સંસદ રહી ચૂકેલા અને પ્રખર ચિંતક એવા પૂર્વ સંસદ શ્રી રાજેન્દ્રસિંહ રાણાના સમારોપ ભાષણ સાથે થયું હતું. શ્રી. રાજેન્દ્રસિંહ રાણાએ ભવિષ્યના લેખકોને સંબોધિત કરીને એમને લેખનના માધ્યમ દ્વારા દેશનો વિચાર આગળ વધારવા માટે જરૂરી ભાવ અને ભાવવિશ્વની સમજ આપી હતી. લેખન અને અભિવ્યક્તિ માટે ગુજરાતી ભાષાની સમૃદ્ધિ અને લેખ કે કવિતાના વિચારથી લઇ પ્રકાશન દરમિયાન લેખકના મનની સ્થિતિ અને સમર્પણનું મહત્વ સમજાવ્યું હતું વિશેષમાં શ્રી રાજેન્દ્રસિંહ રાણાએ ભારતને તોડવાના "ટૂલકિટ" જેવે ષડયંત્રો અને ભારત વિરોધી નેરેટિવનો સામનો કરવામાં લેખકોની ભૂમિકાથી દરેકને અવગત કરાવ્યા હતા.



આ વર્કશોપ માં ૩૫ ભાઇઓ અને ૬૩ બહેનો મળીને કુલ ૯૮ પ્રતિભાગીઓએ ભાગ લીધો. સમગ્ર વર્કશોપ દરમિયાન કુલ ૯ વક્તાઓ દ્વારા અલગ-અલગ ૬ સત્રો માં ૪ અલગ-અલગ વિષયો પર માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. વર્કશોપના આયોજન માટે વ્યવસ્થા સમિતિ અંતર્ગત સત્ર આયોજન સમિતિ, મંચ સુશોભન સમિતિ, કાર્યાલય સમિતિ, ભોજન સમિતિ, રજીસ્ટ્રેશન સમિતિ બેઠક વ્યવસ્થા સમિતિ, કોષ સમિતિ અને સાહિત્ય અને લવાજમ સમિતિ અંતર્ગત ભારતીય વિચાર મંચ, ભાવનગર કેન્દ્રના ૧૬ કાર્યકર્તાઓએ સંપૂર્ણ વ્યવસ્થા કરી હતી. વર્કશોપ દરમિયાન સાહિત્ય વેચાણ અને વિચાર મંથન લવાજમ માટે એક અલગ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. જેનો પ્રતિભાગીઓએ લાભ લઇને વિચાર મંચ દ્વારા પ્રકાશિત વિવિધ સાહિત્ય અને વિચાર મંથન સામાયિકની માહિતી મેળવી હતી.




સંપૂર્ણ વર્કશોપનું સંચાલન શ્રી પ્રણવભાઇ મહેતાએ અને દરેક સત્રોમાં આભાર દર્શન વિચાર મંચના કાર્યકર્તાઓ શ્રી, હિરેનભાઇ ચાવડા અને શ્રી. ઇશ્વરભાઇ સુતરીયાએ કર્યું હતું. આ વર્કશોપમાં ભાવનાગરની સ્વામી વિવેકાનંદ હોમિયોપથી મેડિકલ કોલેજનો સંપૂર્ણ સહયોગ મળ્યો હતો.

ધર્મ-સમાજ-સંસ્થા

# નવોદિત લેખકો માટે ભારતીય વિચાર મંચ દ્વારા લેખન કળા વિષય વર્કશોપ યોજાયો

ભાવનગર : ભારતીય વિચાર મંચ દ્વારા નવોદિત લેખકો માટે લેખન કળા વિષય ઉપર વર્કશોપ યોજાયો હતો. ભાવનગર યુનિવર્સિટીના કોર્ટ હોલમાં તેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદઘાટન શ્રીકાંતજી કાટદરે અને સુભાષભાઈ ભાવસારના હસ્તે થયું હતું. તેમાં વર્તમાન સમયમાં કથા લેખન, પત્રકારત્વ અને સાંપ્રત પ્રવાહ લેખન,સોશિયલ મીડિયા અને બ્લોગ લેખન, હાસ્ય લેખન સહિતના મુદ્દાઓની સમજૂતી આપવામાં આવી હતી.



વર્કશોપમાં 35 ભાઈઓ અને 63 બહેનો મળીને કુલ ૯૮ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં કુલ નવ વક્તાઓએ અલગ અલગ છ સત્રોમાં માર્ગદર્શન આપ્યું હતું.

# ભારતીય વિચાર મંચ - વડોદરા કેન્દ્ર

દિનાંક ૨૭ નવેમ્બર ૨૦૨૧, શનિવારના રોજ ભારતીય વિચાર મંચ, વડોદરા કેન્દ્રના સર્વે કાર્યકર્તાઓ અને શુભેચ્છકોનો 'વાર્ષિક પરિવાર સ્નેહમિલન' નો કાર્યક્રમ સંપન્ન થયો. મંચનું કામ કરતા કાર્યકર્તાઓ તથા મંચ સાથે જોડાયેલા પ્રબુદ્ધજનોના પરિવાર ન્યૂનતમ ઔપચારિકતાઓ સાથે નૂતન વર્ષમાં એકવાર મળે તે હેતુથી પ્રતિવર્ષ આ આયોજન કરવામાં આવે છે.



વડોદરાથી નજીક સમિયાલા ગામ પાસે આવેલ શ્રી કૃષ્ણ પ્રણામી મંદિરના પવિત્ર પટાંગણમાં એકઠા થયેલ દરેકના પરિવારજનોનો સૌપ્રથમ વિગતે પરિચય કરવામાં આવ્યો. ત્યારબાદ હળવી માનસિક કસરત સાથે નિર્દોષ આનંદ આપે તેવી રમતો ઉપરાંત કુટુંબના સભ્યોની સ્નેહગાંઠ મજબૂત કરતી એક સુંદર રમત પણ સૌ રમ્યા. અનૌપચારિક ચર્ચા દરમિયાન રાષ્ટ્રરક્ષા કાજે પ્રણામી સંપ્રદાયના ભવ્ય અતીતની પણ જાણકારી પ્રાપ્ત કરી.



અંતમાં 'પ્રજ્ઞા પ્રવાહ'ના અખિલ ભારતીય સહ સંયોજક, માનનીય શ્રીકાંતજી કાટદરેએ અત્યંત સંક્ષિપ્તમાં ધર્મની વ્યાખ્યા તથા યુગોથી ચાલી રહેલ આ કાર્યમાં મહત્વની કડીરૂપ બની રહેલ કાર્યકર્તાઓ તથા તેના પરિવારની ભૂમિકા અંગે પોતાના વિચારો રજૂ કર્યા.




છેલ્લે સ્વાદિષ્ટ અને સાત્વિક ગુજરાતી ભોજન લઈ, આત્મિયતા તથા હૂંફની નવી મૂડી જમા કરી સૌ છૂટા પડ્યા. કાર્યક્રમમાં પ્રથમવાર જોડાયેલા સહભાગીઓના મત મુજબ એક જુદા જ પ્રકારનું, ઉચ્ચ સ્તરનું વાતાવરણ અનુભવવાનો લાભ મળ્યો. ભવિષ્યમાં ભારતીય વિચાર મંચના દરેક ઉપક્રમોમાં સક્રિય સહભાગની તેઓએ તત્પરતા પણ દર્શાવી.



# ભારતીય વિચાર મંચ : જૂનાગઢ કેન્દ્ર

જૂનાગઢ ખાતે તારીખ ૨ ડીસેમ્બર, ૨૦૨૧ ગુરુવારના રોજ 'ભારતીય વિચાર મંચ'નો એક પ્રાથમિક પરીચય કરાવતો કાર્યક્રમ યોજાયો.




સમાજ/રાષ્ટ્રના કાર્ય માટે સૌથી મહત્વપૂર્ણ કહી શકાય તેવું 'સમય'નું યોગદાન આપવા તત્પર એવા શહેરના ત્રીસેક કર્મશીલો એકઠા થયા. પ્રજ્ઞા પ્રવાહના રાષ્ટ્રીય સહ સંયોજક માનનીય શ્રીકાંતજી કાટદરેએ વિષયની ભૂમિકા મુકતાં મૂળ ભારતીય વિચાર, વિશ્વ કલ્યાણ અર્થે તેની આવશ્યકતા બાબતે તાત્વિક છણાવટ કરી. ગુજરાતના વૈચારિક ક્ષેત્રમાં છેલ્લાં ૨૯ વર્ષથી સક્રિય એવા બૌદ્ધિક આંદોલન 'ભારતીય વિચાર મંચ'ની સંક્ષિપ્તમાં માહિતી આપી.

જૂનાગઢ ખાતે મંચનું એક નિયમિત કેન્દ્ર શરૂ કરવાના નિર્ધાર સાથે કાર્યકર્તાઓની એક નાનકડી ટીમ બની. જેણે આગામી એક મહિનામાં જ વિચાર ગોષ્ઠિનું આયોજન તથા ટીમના વિસ્તરણનો સંકલ્પ વ્યક્ત કર્યો.

# ભારતીય વિચાર મંચ - પ્રાંત પ્રશિક્ષણ વર્ગ, સૂરત

દિનાંક માગસર સુદ એકમ, વિ. સં ૨૦૭૮, તા. ૫ ડીસેમ્બર, ૨૦૨૧ રવિવારના રોજ સમતાભવન, સૂરત ખાતે સૂરત,નવસારી તથા વલસાડ કેન્દ્રના કાર્યકર્તાઓ માટે એક દિવસનો કાર્યકર્તા પ્રશિક્ષણ વર્ગ યોજાયો. આ વર્ગમાં અમદાવાદથી પ્રાંત ઉપાધ્યક્ષ શ્રી સુનિલભાઈ શાહ, પ્રાંત મંત્રી શ્રી ઈશાનભાઈ જોષી તથા મંચના દ્વિમાસિક સામયિક 'વિચાર મંથન' ના લવાજમ અભિયાનના સંકલનકર્તા અને અમદાવાદ કેન્દ્રના ઉપાધ્યક્ષ શ્રી અનલભાઈ વાઘેલાની વિશેષ ઉપસ્થિતિ રહી.




પ્રશિક્ષણ વર્ગ કુલ ૪ સત્રોમા સંપન્ન થયો. પ્રશિક્ષણ વર્ગનુ સંચાલન સુરત કેન્દ્રના યુવા આયામના કાર્યકર્તા શ્રી વિવેકભાઈ માનીયાએ કર્યુ.



પ્રથમ સત્રમાં શરૂઆતમાં પ્રાંત સહમંત્રી શ્રી કેતનભાઈ શાહે પ્રશિક્ષણ વર્ગની ભૂમિકા વિશે વાત કરી. ત્યારબાદ શ્રી સુનિલભાઈ શાહે કાર્ય અંગેની સ્પષ્ટતા, કાર્યના વિવિધ પ્રકાર/આયામો તથા કાર્યકર્તાઓએ કરવાના કામો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ.

બીજા સત્રની શરૂઆતમાં અનલભાઈ વાઘેલા દ્વારા લવાજમ અભિયાન માટે જરૂરી માહિતી સૌને આપવામા આવી. ત્યારબાદ બાદ સત્ર બે ભાગમા વહેંચાયુ. એક ભાગમાં  કેન્દ્રના મંત્રી/અધ્યક્ષ અને પ્રમુખ કાર્યકર્તાઓ સાથે ઈશાનભાઈ રહ્યા. જેમાં વિવિધ જવાબદારી સંભાળી રહેલ કાર્યકર્તાઓની ભૂમિકા, એ મુખ્ય વિષય રહ્યો. અન્ય બધા કાર્યકર્તાઓ સાથે કેતનભાઈ અને સુનિલભાઈએ સંવાદ કર્યો. ભા. વિ. મંચના કાર્યકર્તા તરીકેની આપણી ભૂમિકાની સ્પષ્ટતા અને નિત્ય એક કલાક કામ માટે આપવો એવી સૌની સહમતિ બની.



ત્રીજા સત્રમાં 'વિચાર મંથન - લવાજમ અભિયાન' અંગે યોજના બની. જેમાં સૂરત કેન્દ્ર ૧૦૦૦, નવસારી કેન્દ્ર ૨૦૦ અને વલસાડ કેન્દ્ર ૫૦૦ લવાજમનો લક્ષ્યાંક સર્વસંમતિથી નક્કી થયો.




અંતિમ સત્ર મુક્ત ચિંતન અને સમારોપનું હતુ. મુક્ત ચિંતનમા દરેક અભ્યાસીનો સક્રિય સહભાગ રહ્યો. કાર્ય કરતી વખતે પડતી મુશ્કેલીઓ, મૂંઝવણો, પડકારો... એવા પ્રશ્નોના જવાબોને સાંકળી લઇ ઇશાનભાઇએ ખૂબ ઉત્કૃષ્ઠ માર્ગદર્શન આપ્યુ.



વલસાડ કેન્દ્રથી ૩, નવસારી કેન્દ્રથી ૬ તથા સૂરત કેન્દ્રથી લગભગ ૩૨ કાર્યકર્તાઓ સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી સંપૂર્ણ સમય હાજર રહ્યા. ગાઢ ધુમ્મસને કારણે વલસાડ અને નવસારી કેન્દ્રથી કેટલાક કાર્યકર્તાઓ વર્ગસ્થાન સુધી પહોંચી શક્યા નહી.



સુંદર અને શિસ્તબદ્ધ વ્યવસ્થા, યોગ્ય માર્ગદર્શને સૌ કાર્યકર્તાઓમાં ઉત્સાહનો સંચાર ભરી દીધો. સૌ કાર્યકર્તાઓ કામને સતત સુદ્રઢ કરવાના તથા તેની ઝડપ વધારતા રહેવાના માનસિક સંકલ્પ સાથે પોતપોતાના સ્થાને પરત ફર્યા.

# પુસ્તક પરિચય


પુસ્તક પરિચય

પુસ્તક : વંદે માતરમની આત્મકથા.

લેખક : આર. હરિ

અનુવાદક : સુધા કરંજગાંવકર

પ્રકાશક : ભારતીય વિચાર મંચ.




ભારતીય સ્વાતંત્ર્યના ઈતિહાસનો સૌથી વધુ સ્ફૂર્તિદાયક મહામંત્ર હતો 'વંદે માતરમ્.' બંગાળના અતિ પ્રસિદ્ધ ચિંતક, સ્વાતંત્ર્યવીર, કવિ, લેખક બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયના હ્દયની ભાવોન્નત અવસ્થામાં અવતરેલું અમર ગીત 'વંદે માતરમ્' ભારતીય સ્વાતંત્ર્યવીરો માટે પ્રાણાર્પણની પ્રેરણા આપતો અક્ષય પ્રેરણાસ્ત્રોત બની રહ્યું.

આપણા અને દેશના દુર્ભાગ્યે આ ગીત સ્વાતંત્ર્યપ્રાપ્તિની પૂર્વસંધ્યાએ અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી પણ ક્ષુદ્ર રાજકીય કાવાદાવાનો ભોગ બન્યું. સ્વાર્થપ્રેરિત રાજકારણે ભારતીયતાના આ પ્રેરણાસ્ત્રોતને વિવાદનો વિષય બનાવ્યો. જનહ્દયોમાં તેનું જે રાષ્ટ્રગીત તરીકે સ્વાભાવિક સ્થાન હતું તેને છીનવીને તેને શાસકીય રીતે બીજું સ્થાન આપ્યું.

પરંતુ જનહ્દયોમાં તો આજે પણ તેનું સ્થાન અવિચલ છે. ભારતીય આકાંક્ષાઓને અને વિભાવનાઓ તથા જીવનશ્રદ્ધાઓને ઉત્તમ રીતે વ્યક્ત કરતું આ ગીત અનેક મહાત્માઓ, કવિઓ અને લેખકોની તથા દેશ માટે જીવવાની ઇચ્છા ધરાવતા લોકોની પ્રેરણા છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠતમ પ્રચારકો પૈકી એક તથા જેની મૂર્ધન્ય, બહુશ્રુત વિદ્વાન અને ચિંતક તરીકે ગણના થાય છે એવા શ્રદ્ધેય શ્રી આર. હરિજીએ આ વિષયને એક વિશેષ પદ્ધતિથી અભિવ્યક્ત કર્યો છે. 'વંદેમાતરમની આત્મકથા' સ્વરૂપે તેમણે આ અમર ગીતનો સંપૂર્ણ ઇતિહાસ લખ્યો.

શ્રી હરિજી દ્વારા મલયાલમ ભાષામાં લખાયેલી 'વંદે માતરત્રિન્ટે' કથાના ઓ. આસવન દ્વારા કરાયેલા હિંદી અનુવાદના માધ્યમથી ગુજરાતી ભાષામાં અનુવાદ સુધાબહેન કરંજગાંવકરે કર્યો.

'ભારતીય વિચાર મંચ' દ્વારા પ્રકાશિત આ પુસ્તકમાં કોઈપણ દેશના રાષ્ટ્રગાનને પ્રાપ્ત ન થઇ હોય એવી 'વંદે માતરમ' ની ઘણી વિશેષતાઓનું વર્ણન છે. 'વંદે માતરમ્' જેવા સાવ અસ્પર્શ્ય રહી ગયેલા વિષયને માત્ર સ્પર્શ કર્યો છે એટલું જ નહીં તો એના માધ્યમથી ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામનો તથા રાષ્ટ્રપ્રેમના મૂળમંત્ર એવા વંદેમાતરમ્ નો ઇતિહાસ આલેખવામાં તેમ જ એનો જનમાનસ પરનો પ્રભાવ ઉજાગર કરવામાં હરિજી શ્રેષ્ઠ સિદ્ધ થયા છે.

એની સાથે જ આપણા 'લોકનેતાઓ'નું વલણ તથા એમની માનસિકતા અત્યંત હળવાશથી પણ સુસ્પષ્ટ રીતે એમણે છતી કરી છે. ઇતિહાસ, પ્રશાસનની ભૂમિકા વગેરે તથ્યો ઉપરાંત આ પુસ્તકનું મહત્વનું અને ઉવેખી ન શકાય એવું પાસું તેનું હૃદયંગમતા છે. 'અનુવાદ કરતી વખતે જાણે 'વંદેમાતરમ' પ્રત્યક્ષ સાકાર થતું જણાયું' - આ અનુવાદકનું મનોગત છે.

એવી શ્રેષ્ઠ કલમે લખાયેલી આ 'રોમહર્ષક' કથા ત્રણ પેઢીઓ - વરિષ્ઠથી માંડીને બાળકો સુધી બાલ સહિત સૌએ વાંચવાલાયક છે એ વિચારથી જ એનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે. વાચકોને પણ એવો અનુભવ થશે જ અને સાથે સાથે ઇતિહાસનું એક નવું પાનું વાંચવાનો આનંદ પણ અવશ્ય મળશે.

# વિચાર બોધ

## કર્મનું મૂલ્ય - એક સરસ ટૂંકી બોધવાર્તા

એક દિવસ એક રાજાએ પોતાના ત્રણ મંત્રીઓને રાજસભામાં બોલાવ્યાં અને હુકમ કર્યો કે તેઓ એક એક થેલો લઇને બગીચામાં જાય અને ત્યાંથી સારા ત્રણેયને સારા ફળ ભેગાં કરે, તે ત્રણેયે અલગ-અલગ બાગમાં પ્રવેશ કર્યો. પહેલા મંત્રીએ કોશિશ કરી કે રાજાને પસંદ એવાં સારા મજેદાર ફળ ભેગા થાય. તેણે ઘણી મહેનત કરીને સુંદર, તાજા ફળોથી થેલો ભરી દીધો.

બીજા મંત્રીએ વિચાર્યું કે રાજા દરેક ફળનું અવલોકન-તપાસ કરશે નહીં એટલે જલ્દી જલ્દી થેલો ભરવામાં કાચા અને સડેલાં ફળો પણ થેલામાં ભરી દીધાં. ત્રીજા મંત્રીએ વિચાર્યું કે રાજાની નજર ફક્ત થેલો ભરેલો છે કે નહી તેના પર હશે. તે ખોલીને નહીં જોવે કે તેમાં શું છે. તેણે સમય બચાવવા જલ્દી જલ્દીથી તેમાં ઘાસ અને પાંદડા ભરીને સમય બચાવ્યો.

બીજા દિવસે રાજાએ ત્રણેય મંત્રીઓને તેમના થેલા સાથે રાજસભામાં બોલાવ્યા અને તેમના ખોલ્યા પણ નહી અને હુકમ કર્યો કે ત્રણેયને તેમના થેલા સાથે દૂરના સ્થળે એક જેલમાં 3 મહિના કેદમાં પૂરી દીધા. હવે જેલમાં તેમની પાસે ખાવા પીવાનું કશું પણ હતું નહી ફક્ત થેલા સિવાય. આથી જે મંત્રીએ સારાં સારાં ફળ જમા કર્યાં હતાં તે મજાથી ખાતો હતો અને 3 મહિના પસાર થઈ ગયા.

બીજા મંત્રી કે જેણે તાજા, કાચાં અને સડેલાં ફળો ભર્યા હતા તે થોડા દિવસ તાજા ફળ ખાતો રહ્યો, પછી તેને ખરાબ ફળ ખાવાં પડ્યાં, જેનાથી તે બિમાર પડી ગયો અને બહુ જ તકલીફ પડી. અને ત્રીજા મંત્રી કે જેણે ફક્ત ઘાસ અને પાંદડા જ ભર્યાં હતાં તે થોડાજ દિવસોમાં ભૂખથી મરી ગયો.

તમે તમારી જાતને પૂછો કે, તમે શું જમા કરી રહ્યા છો ? અત્યારે તમે જીવનબાગમાં છો, જ્યાં તમે ઇચ્છો તો સારાં કર્મો જમા કરો, ઇચ્છો તો ખરાબ કર્મ, પરંતુ યાદ રાખજો, જે તમે જમા કરશો તે જ તમને અંતિમ સમય સુધી કાયમ આવશે. કારણકે દુનિયાનો રાજા (ભગવાન) તમને ચારેબાજુથી જોઈ રહ્યો છે. મિત્રો, એટલે હંમેશા સારા કાર્યોની મૂડી જમા કરો કે જે તમારી સાથે જ જશે.

## Join BVM (ભારતીય વિચાર મંચ)

વિચાર સર્વોપરી છે. વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે. તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. ભારતીય વિચાર મંચ માને છે કે આ સંપૂર્ણ વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલક બળ છે.

ભારતીય વિચાર મંચ આ વૈચારિક આંદોલનનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતીય વિચાર મંચ આપ સૌને આ વૈચારિક ચળવળનો એક ભાગ બનવા નિવેદન કરે છે, અને "કાર્યકર્તા" બનીને આ વૈચારિક ચળવળમાં તમારો ટેકો આપશો.

ભારતીય વિચાર મંચના કાર્યકર્તા બનવા માટે નીચેની લિંક દ્વારા તમારી માહિતી શેર કરીને મંચ માં જોડાઇ શકો છો

https://forms.gle/mrueb1RyFh4UthxdA

....

આપના પ્રતિભાવો અહીં આપેલ ઈમેલ : bvmguj@gmail.com અથવા વૉટ્સએપ નંબર : 7405862697 ઉપર આપ મોકલી શકશો.